# આજે અરવલ્લી જિલ્લામાં 'રાષ્ટ્રીય ગ્રાહક દિવસ'ની ઉજવણી કરાશે

**મોડાસાના ટાઉન હોલ ખાતે અન્ન,નાગરિક પુરવઠો અને ગ્રાહક બાબતોના રાજ્ય કક્ષાના મંત્રીની અધ્યક્ષતામાં "રાષ્ટ્રીય ગ્રાહક અધિકાર દિવસ"ની ઉજવણી કરાશે**

બાયડ તા.૨૩

ગુજરાત રાજયના અન્ન નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોના વિભાગ અને કન્ઝ્યુમર અફેર્સ એન્ડ પ્રોટેકશન એજન્સી ઓફ ગુજરાત (કા.પા.ગ.) ના સહયોગથી ૨૪ ડિસેમ્બરના રોજ અરવલ્લી જીલ્લા ગ્રાહક સુરક્ષા પરિષદ દ્વારા રાષ્ટ્રીય ગ્રાહક અધિકાર દિવસ હોવાથી સેમિનારનું આયોજન હાથ ધરાયું છે.

જે અંતર્ગત અરવલ્લી જીલ્લાના મોડાસાના મહાલક્ષ્મી ટાઉનહોલ ખાતે અન્ન,નાગરિક પુરવઠો અને ગ્રાહ બાબતો (ગુજરાત રાજય)ના રાજય કક્ષાના મંત્રીશ્રી ગજેન્દ્રસિંહ પરમારની અધ્યક્ષતામાં આજ રોજ તા.૨૪ ડિસેમ્બર ૨૦૨૧ના શુક્રવારના રોજ સવારે ૧૦.૦૦ કલાકે "રાષ્ટ્રીય ગ્રાહક અધિકાર દિવસ" ની ઉજવણી કરાશે.

આ કાર્યક્રમમાં સંસદ સભ્યશ્રી દિપસિંહ રાઠોડ, અરવલ્લી જીલ્લા પંચાયત પ્રમુખશ્રી લાલસિંહ ચૌહાણ, મોડાસા નગરપાલિકા પ્રમુખ શ્રીમતી જલ્પાબેન ભાવસાર, જીલ્લા કલેકટરશ્રી નરેન્દ્રકુમાર મીના, ગ્રાહક તકરાર નિવારણ આયોગ બનાસકાંઠા,પાટણ, સાબરકાંઠા પ્રમુખશ્રી એ.એસ.ગઢવી તથા મુખ્ય વક્તા તરીકે ડીસા શ્રી જાગૃત નાગરિક,ગ્રાહક સુરક્ષા મંડળના પ્રમુખશ્રી કિશોર કે.દવે ઉપસ્થિત રહેશે.

# માલપુરના મેવડા ખાતે ફળ અને શાકભાજીમાંથી બનાવટો અંગે પ્રેક્ટીકલ તથા માર્ગદર્શન કેમ્પ યોજાયો

**સખી મંડળની બહેનોને નાયબ બાગાયત નિયામક વિભાગ દ્વારા ફળ અને શાકભાજીમાંથી વિવિધ પ્રકારની બનાવટો બનાવવા માટે તાલીમ અપાઈ**

બાયડ તા.૨૩

અરવલ્લી જિલ્લાના માલપુર તાલુકાના મેવડા ગામ ખાતે સખી મંડળની બહેનોને નાયબ બાગાયત નિયામકની કચેરી, અરવલ્લી દ્વારા ફળ અને શાકભાજીમાંથી વિવિધ પ્રકારની બનાવટો બનાવવા માટેની ફળ અને શાકભાજી પરીક્ષણ અંગેની તાલીમ આપવા માટે માર્ગદર્શન કેમ્પનું આયોજન કરાયું. જેમાં આ તાલીમમાં ફળ અને શાકભાજી પાકો માંથી નીચેની બનાવટો અંગે પ્રેક્ટીકલ સમજ સાથે માર્ગદર્શન આપવામાં આવ્યું.

તેમજ તમામ મહિલાઓને ટામેટા કેચપ, મિક્ષ ફ્રુટ જામ, આદુ લીંબુનો સ્ક્વોશ, રોઝ શરબત, આમળાની કેન્ડી, આમળાનું અથાણું, જામફળનો સ્ક્વોશ, મરચાનું અથાણું, લીલી હળદરનું અથાણું, સફરજનની ચટણી, ટોપરાનાલાડુ, ગાજરનો હલાવો, અનાનસનો સ્ક્વોશ, દાડમનો નેક્ટર અને દાડમની જેલી જેવી બનાવટોની તાલીમ આપવામાં આવી.

આ તાલીમને સફળ બનાવવા બાગાયત અધિકારીશ્રી એ.વી. ગઢવી માલપુર, બાગાયત નિરીક્ષકશ્રી જે.પી.સોલંકી, તાલીમ નિષ્ણાંત સ્મિતાબેન તથા કૈલાસબેનનો નોંધપાત્ર ફાળો રહ્યો હતો.

# ચોઈલા ગામમાં લાયન્સ કલબ-બાયડ દ્વારા આંખોની ચકાસણીનું મહાઅભિયાન

**૫૩૨ દર્દીઓની તપાસ, ૫૯ દર્દીઓને મોતીયા જણાયા, ૩૫ દર્દીઓને ઓપરેશન માટે મોકલાયા**

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૩

લાયન્સ કલબ-બાયડ અને લાયન્સ કલબ-ચોઈલા વાયબ્રન્ટ દ્વારા બાયડ તાલુકાના ચોઈલા ગામમાં ગુરૂવારે આંખોની ચકાસણીનું મહાઅભિયાન હાથ ધરાયું જેમાં ૫૩૨ દર્દીઓની નેત્ર ચિકિત્સકોએ ચકાસણી કરી હતી જેમાં ૫૯ દર્દીઓને મોતીયા જણાયા જે પૈકી ૩૫ દર્દીઓને તાત્કાલિક લાયન્સ ડિસ્ટ્રીક્ટની અમદાવાદના ઓગણજ ખાતે આવેલી શાંતાબેન આંખની હોસ્પિટલમાં મફત ઓપરેશન માટે મોકલવામાં આવ્યા હતા. લાયન્સ કલબ-બાયડ પ્રમુખ નરેશચંદ્ર પરમાર, લાયન્સ કલબ-ચોઈલા વાયબ્રન્ટ પ્રમુખ મનિષ ઉપાધ્યાય અને તેમની ટીમની મહેનતના કારણે તાલુકામાં નેત્ર નિદાન કેમ્પ સફળ રહ્યો હતો.

પ્રાપ્ત જાણકારી અનુસાર સેવાકીય ક્ષેત્રોમાં લાયન્સ કલબ-બાયડ માત્ર બાયડ જ નહીં પરંતુ છેવાડાના ગામ સુધી પહોંચ્યું છે. લાયન્સ કલબ-બાયડના પ્રમુખ તરીકે ઈજનેર નરેશચંદ્ર એલ. પરમારે પદભાર સંભાળ્યા પછી અનેક જરૂરીયાતમંદોને મફત રાશન, વૃક્ષારોપણ, વિદ્યાર્થીઓમાં રહેલું ટેલેન્ટ બહાર લાવવા અનેક શાળાઓમાં લાયન્સ ક્વેસ્ટ સેન્ટર સહિત અનેકવિધ સેવાકીય પ્રવૃત્તિઓનો અંબાર ખડક્યો હતો. જેના કારણે સમગ્ર ડિસ્ટ્રીક્ટમાં લાયન્સ કલબ-બાયડનું નામ ફરી એકવાર ગુંજતું થયું છે. લાયન્સ કલબ-બાયડના લાયન નેતા ડૉ.પ્રકાશભાઈ શાહ, ડેપ્યુટી કેબિનેટ ટ્રેઝરર અતુલભાઈ જોષી, ડિસ્ટ્રીક્ટર ચેરમેન શૈલેષભાઈ શાહ, ઝોન ચેરમેન પ્રકાશ વૈદ્ય, ડીસ્ટ્રીક્ટ ચેરમેન કમલેશભાઈ પટેલ વગેરેના માર્ગદર્શન હેઠળ તા.૨૩ના રોજ બાયડ તાલુકાના ચોઈલા ગામે મફત નેત્ર નિદાન કેમ્પનું યાદગાર આયોજન કરાયું. આંખોની ઓછી રોશની, ઝાંખપ, બળતરા સહિતની અનેક ફરિયાદો લઈને દર્દીઓ ઉમટ્યા અને એક પછી એક ગણતરીના કલાકોમાં ૫૩૨ દર્દીઓના આંખની ચકાસણી કરવામાં આવી જેમાં ૧૭૯ જરૂરીયાતમંદ દર્દીઓને મફત ચશ્માનું વિતરણ કરી ધૂંધળી દ્રષ્ટીને કાયમી દૂર કરવાનો પ્રયાસ કર્યો હતો. ડિસ્ટ્રીક્ટ ગવર્નર તથા સમગ્ર કેબિનેટે લાયન્સ કલબ-બાયડના નેત્ર નિદાન માઈલ સ્ટોન પ્રોગ્રામની પ્રસંશા કરી ટીમને અભિનંદન પાઠવ્યા હતા. કાર્યક્રમને સફળ બનાવવામાં સેક્રેટરી દેવચંદભાઈ પરમાર, નિવૃત્ત આરોગ્ય અધિકારી લા.દિનેશભાઈ પરમાર, વિનોદભાઈ દરજી વગેરેનો અમૂલ્ય સહયોગ મળ્યો હતો. જ્યારે દર્દીઓ માટે મંડપ તથા જરૂરી સુવિધા લાયન્સ કલબ-બાયડ અને વાયબ્રન્ટ કલબ-ચોઈલા દ્વારા કરવામાં આવી હતી.

## પાલનપુર ખાતે એ.એચ.પી દ્વારા કલેકટરને અપાયું આવેદનપત્ર

પાલનપુર તા. ૨૩

દુનિયભરમાં ઈસ્લામિક આંતકવાદને પ્રશિક્ષણ આલી પોષતી સંસ્થાઓ પર પ્રતિબંધ મુકવાની માંગ સાથે આજે પાલનપુર ખાતે આંતરરાષ્ટ્રીય હિન્દૂ પરિષદ અને રાષ્ટ્રીય બજરંગ દળ દ્વારા જિલ્લા કલેકટરને આવેદનપત્ર સુપ્રત કરાયું હતું.

આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ અને રાષ્ટ્રીય બજરંગ દળ બનાસકાંઠા જિલ્લા દ્વારા જિલ્લા કલેકટરને આવેદનપત્ર આપવામાં આવ્યુ હતું. જેમાં દેશ અને દુનિયામાં ઈસ્લામિક આતંકવાદીઓને પ્રશિક્ષણ અને સંરક્ષણ આપતી સંસ્થા તબલીગી જમાત, જમાતે ઉલેમાએ હિન્દ, દારૂલ ઉલૂમ દેવબંદ પર પ્રતિબંધ લગાવવા માટે રાષ્ટ્રપતિને વિનંતી કરતુ આવેદનપત્ર આપવામાં આવ્યુ હતું. જેમાં સચિન જોશી, જયાબેન, રમેશભાઈ જેઠવા ડીસા, તુષારભાઈ, જયેશભાઈ, મનીષભાઈ ઠાકોર સહિતના કાર્યકર્તા હાજર રયા હતા.

## જન્મદિને વધામણી

હીરેન એચ. વેદ
નક્ષત્ર મોબાઈલ
બાયડ જી.અરવલ્લી

**ચૂંટણી પરીણામ પછી રાજકીય દંગલ**

# જિલ્લાની ૪૫૮ ગ્રામ પંચાયતોના પરીણામ પછી ભાજપ-કોંગ્રેસના પ્રચંડ જીતના દાવા

**નવા નિશાળીયા અનેક ઉમેદવારોએ જૂના જોગીઓને પછાડ્યા**

બાયડ, તા. ૨૩

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં મુદત પૂર્ણ કરતી ગ્રામ પંચાયતોને નવા સુકાની મળ્યા છે. પરીણામો જાહેર થયા પછી રાજકીય દંગલ જામ્યુ છે. ભાજપા-કોંગ્રેસના આગેવાનોએ પ્રચંડ જીતના દાવા કરતાં કેટલાક ન્યુટ્રલ સરપંચો કોના કેમ્પમાં હાજરી આપવી તેની વિમાસણમાં મુકાયા છે. અનેક શિક્ષિત નવા નિશાળીયા ઉમેદવારોએ અકલ્પનીય જીત મેળવી જૂના જોગીઓને પછાડ્યા તે જોતાં મતદારોનો મિજાજ બદલાયાનું ચિત્ર ઉપસ્યુ છે.

રાજ્યમાં કોરોનાની સ્થિતિ વણસી રહી છે પરંતુ હેડ ક્લાર્ક વર્ગ-૩ પરીક્ષાનું લીક પેપર રાજ્યમાં મુખ્ય મુદ્દો છે. કોંગ્રેસ બેરોજગારોને થતા અન્યાય મુદ્દે વિધાનસભાની વૈતરણી પાર કરવા પ્રચાર કરતી જોવા મળે છે. જ્યારે ભાજપ વિકાસની રાજનીતિ અને ૧૫૦ પ્લસના ટાર્ગેટથી વિધાનસભાનો જંગ જીતવાના પ્રયાસ શરૂ કર્યા છે. સાબરકાંઠા-અરવલ્લી જિલ્લાની અનેક ગ્રામ પંચાયતોના પરીણામ ચોકાવનારા આવ્યા છે જ્યારે લોકશાહી દેશમાં હજુ પણ અનેક મતદારોને મતદાન કરતાં આવડતું નથી કે ચૂંટણી આયોગ મતદારોને મતદાનની પ્રક્રીયા સમજાવવામાં નિષ્ફળ રહ્યાનું ચિત્ર ઉપસ્યુ છે. મોટા પ્રમાણમાં બેલેટ પેપર મત રદ થતાં અનેક ઉમેદવારોની જીતની બાજી હારમાં પલટાઈ... અને કેટલાક ઉમેદવારોએ મત રદ મામલે કોર્ટમાં જવાની ચિમકી આપી છે. પરીણામો જાહેર થયા પછી ભાજપા-કોંગ્રેસ દ્વારા પોતાના ઉમેદવારો જિત્યાના દાવા કરવા માંડ્યા છે. પરંતુ કોઈ રાજકીય પક્ષે પોતાના કેટલાક ઉમેદવારો ભુંડી રીતે હાર્યા તે જાહેર કરવાની હિંમત દાખવી નથી. એકાદ સપ્તાહમાં ભાજપા-કોંગ્રેસ જીતેલા સરપંચોનું અભિવાદન કરશે તેમાં બન્ને રાજકીય પક્ષો પોતાના કેમ્પમાં ચૂંટાયેલા વધુ સરપંચોને હાજર રાખી વિધાનસભા-૨૦૨૨ની ચૂંટણીનો રોડમેપ આગળ ધપાવશે તેવું જણાઈ રહ્યુ છે. પરંતુ જે રીતે કેટલાક વર્તમાન સરપંચ, ભાજપા-કોંગ્રેસની આગેવાનોનો પરાજય થયો છે તેના આંકડા જોઈ બન્ને રાજકીય પક્ષોના સંગઠન હોદ્દેદારોએ ચેતવાની જરૂર છે.

**ઓમિક્રોનના ખતરા વચ્ચે વાલીઓ ચિંતિત**

# સાબરકાંઠા-અરવલ્લીના શૈક્ષણિક સંકુલોમાં વિદ્યાર્થીઓની પાંખી હાજરીની ચિંતા

**અત્યારે સરેરાશ ૩૦ થી ૩૫ ટકા વિદ્યાર્થી ગેરહાજર**

બાયડ, તા. ૨૩

રાજ્યમાં કોરોનાના નવા વેરીયન્ટ ઓમિક્રોનનો ખતરો હાવી થતાં ત્રીજી લહેર શરૂ થવાની દહેશત સર્વત્ર છવાઈ છે. વાલીઓ કોરોનાના નવા વેરીયન્ટથી ચિંતિત છે. અત્યાર સુધી ધો. ૧ થી ૧૨ના ઓફલાઈન શિક્ષણમાં વિદ્યાર્થીઓની પાંખી હાજરી શિક્ષણકાર્યમાં બાધારૂપ છે અને નવા વેરીયન્ટના વધતા આક્રમણથી હજુ વિદ્યાર્થી સંખ્યા ઘટવાની દહેશત છે. અત્યારે સરેરાશ ૩૦ થી ૩૫ ટકા વિદ્યાર્થી ગેરહાજર રહેતાં તેની જોઈએ તેવી ગંભીર નોંધ લેવાઈ નથી.

કોરોનાની ત્રીજી લહેર શું શરૂ થઈ છે..!! ગ્રામ પંચાયતોની ચૂંટણીના કારણે કોરોનાની સાચી સ્થિતિ ઉપર પડદો પાડવામાં આવ્યો હતો આવા અનેક સવાલ ગુંજી રહ્યા છે. પરંતુ જે રીતે ઓમિક્રોનની ઘાતકતાની વાત થાય છે તે જોતાં ત્રીજી લહેર બીજી લહેર કરતાં વધુ ઘાતક સાબિત થવાના સંકેત છે. સાબરકાંઠા-અરવલ્લીના ધો. ૧ થી ૧૨ ના ૩૨૦૦ થી વધુ શૈક્ષણિક સંકુલોમાં તબક્કાવાર એસ.એન.પી. આધારે ઓફલાઈન શિક્ષણ શરૂ થયું પરંતુ હજુ પણ અનેક શાળાઓમાં માંડ ૩૦ થી ૫૦ ટકા વિદ્યાર્થીની હાજરી ચિંતાનો વિષય છે. બોર્ડ પરીક્ષાના આવેદન પત્રો ભરવાના શરૂ થયા છે અનેક વિદ્યાર્થીઓ બોર્ડ પરીક્ષાના આવેદનપત્ર પણ ભરવા આવતા ન હોવાની હૈયાવરાળ અનેક આચાર્યો ઠાલવે છે અને હવે ઓમિક્રોનના ખતરાથી શિક્ષણસંકુલો ઉપર નવી ઉપાધી મંડરાઈ છે. અનેક વાલીઓને પોતાના સંતાનો શાળામાં આવે તેવી શિક્ષકોની સમજાવટ વ્યર્થ સાબિત થતાં જો આવી જ સ્થિતિ ચાલશે તો શિક્ષણ માટે બુરે દિન બહુ દૂરની વાત નથી.

# બાયડની સ્વામિનારાયણ સોસાયટીમાં નવા સી.સી. રોડનું ખાતમુહુર્ત કરાયું

બાયડ, તા. ૨૩

બાયડની સ્વામિનારાયણ સોસાયટી વિભાગમાં જર્જરીત થયેલા સી.સી. રોડના સ્થાને નવા સી.સી. રોડ બનાવવાનું ખાતમુર્હુત ગુરુવારે બાયડ પાલિકા પ્રમુક સ્નેહલભાઈ પટેલ, કારોબારી અધ્યક્ષ પ્રવિણ એમ પટેલ, દંડક ભાવનાબેન જોષી, કોર્પોરેટર કંચનબેન પટેલની ઉપસ્થિતિમાં યોજાયું જેમાં. સ્થાનિક રહીશો ઉપસ્થિત રહ્યા હતા.

પ્રાપ્ત જાણકારી અનુસાર બાયડ પાલિકા વિસ્તારમાં નવા સી.સી. રોડ તથા જૂના જર્જરીત સી.સી. રોડ દુરસ્ત કરી નવા ગુણવત્તા યુક્ત સી.સી. રોડ વિવિધ યોજના હેઠળ મંજુર થતાં કામોની શરુઆત કરવામાં આવી છે. તા. ૨ ૩મીના રોજ બાયડ પાલિકા વોર્ડ નં. ૧ના ચૂંટાયેલા પ્રતિનિધિઓએ નવા સી.સી. રોડનું ખાતમુર્હુત કર્યું ત્યારે સ્થાનિક રહીશો સહિત ભાજપાના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. નવા સી.સી. રોડની યોગ્ય ગુણવત્તા જળવાય તે માટે બાંધકામ ઈજનેર તથા પાલિકા સ્ટાફને પણ જરૂરી સૂચના આપવામાં આવી છે. ખાતમુર્હૂત સમયે સોસાયટીના રહીશ, ભાજપાના અગ્રણી અદેસિંહ ચૌહાણ, બાયડ તાલુકા પંચાયત કારોબારી અધ્યક્ષ શિલ્પાબેન પટેલ, કમલેશભાઈ પટેલ, એડવોકેટ મુકુંદભાઈ પટેલ, વિપુલભાઈ શાહ, સમીરભાઈ પટેલ, મુકેશભાઈ પ્રજાપતિ ઉપસ્થિત રહ્યા હતા. બાયડ પાલિકા દંડક ભાવનાબેન જોષીના હસ્તે નવા સી.સી. રોડનું ખાતમુર્હૂત કરવામાં આવ્યું હતું.

આઠમી વાર્ષિક પુણ્યતિથિએ ભાવભીની શ્રદ્ધાંજલિ

નૈનં છિન્દન્તિ શસ્ત્રાણિ નૈનં દહતિ પાવકઃ ।
ન ચૈનં ક્લેદયન્ત્યાપો ન શોષયતિ મારુતઃ ॥૨-૨૩॥

મનમાં પવિત્રતા અને પાયામાં નીતિ જેવાં
અમૂલ્ય રત્નોના ભંડાર સમા
અમારા જીવનનના પથદર્શક
અમર આત્માને શ્રદ્ધાસુમન

શોકાતુર
ગં.સ્વ. મનહરકુંવરબા લાલસિંહ રહેવર

ભરતસિંહ રહેવર
પૂર્વ પ્રમુખ,
અરવલ્લી જિલ્લા ભાજપ

ગજેન્દ્રસિંહ રહેવર

સ્વ. લાલસિંહજી કિશોરસિંહજી રહેવર
પૂર્વ ધારાસભ્યશ્રી, બાયડ
સ્વ. તા. ૨૪-૧૨-૨૦૧૩, મંગળવાર

મહેન્દ્રસિંહ રહેવર
મહામંત્રી,
સાબરકાંઠા જિલ્લા ભાજપ

ધનરાજસિંહ રહેવર